નિયામક,
અન્ન અને નાગરિક પુરવઠા કચેરી,
ગાંધીનગર

Azadi Ka Amrit Mahotsav

બ્લોક નં-૧૪/૬ઠ્ઠો માળ,
નવા સચિવાલય, ગાંધીનગર.
ફોન નં- ૦૭૯૨૩૨– ૫૪૮૦૪
E-Mail-bc-dfcs@gujarat.gov.in

અગત્યનું/સમય-મર્યાદા
નં.પીડીએસ/અનાજએલોટમેન્ટ/જાન્યુઆરી-૨૪ થી ડિસેમ્બર-૨૪/૩૦૬/૨૦૨૩ તા.૨૮/03/૨૦૨૪

પ્રતિ,
૧. અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રકશ્રી,
અમદાવાદ શહેર.
૨. જિલ્લા પુરવઠા અધિકારીશ્રી,
કલેક્ટર કચેરી, પુરવઠા શાખા
જિ. તમામ

વિષય :- માહે એપ્રિલ-૨૦૨૪ માટે "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા-૨૦૧૩" અંતર્ગત અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબોને અનાજ (ઘઉં તથા ફોર્ટીફાઈડ ચોખા)ની ફાળવણી કરવા બાબત.

સંદર્ભ : (૧) ભારત સરકારનો પત્ર F.No. 1-3/2014-BP.lll(pt) (e-378690), તા.૨૫/૦૧/૨૦૨૪.
(૨) ભારત સરકારનો પત્ર D.O. Letter No. 15-33/2022-NFSA, તા.૧૫/૧૨/૨૦૨૩.
(૩) અન્ન, ના. પુ. અને ગ્રા.બા. વિભાગને નં.પીડીએસ/અનાજએલોટમેન્ટ/જાન્યુઆરી-૨૪ થી ડિસેમ્બર-૨૪/૩૦૬/૨૦૨૩, તા.18/03/2024.

ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, ભારત સરકાર દ્વારા સંદર્ભિત પત્ર(૧)થી "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા-૨૦૧૩" અંતર્ગત અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબોને અનાજ [ઘઉં તથા ચોખા (ફોર્ટીફાઈડ)] ની બે પ્રકારના કુટુંબોને ફાળવણી કરવામાં આવેલ છે. **એપ્રિલ-૨૦૨૪ના** ઓનલાઇન NFSA રેશનકાર્ડ એબસ્ટ્રેકટ સમરી કાર્ડ/જનસંખ્યાની વિગતો આધારે માહે **એપ્રિલ-૨૦૨૪** માસ માટે અનાજ [ઘઉં તથા ચોખા (ફોર્ટીફાઈડ)] ની સંદર્ભિત પત્ર-(૩)ના પત્રથી કરાયેલ દરખાસ્તમાં સુચવ્યા મુજબના વિતરણ પ્રમાણને ધ્યાને લઇ નીચે મુજબના વિતરણ-પ્રમાણ અનુસાર તમામ જિલ્લા માટે એનેક્ષર-A અંત્યોદય કુટુંબો [ઘઉં

તથા ચોખા (ફોર્ટીફાઈડ)] અને એનેક્ષર-B અગ્રતા ધરાવતા કુટુંબો [ઘઉં તથા ચોખા(ફોર્ટીફાઈડ)] માટે કરવામાં આવેલ છે.

| યોજના | અનાજનો પ્રકાર | જથ્થો (કિ.ગ્રા.) | ભાવ (રૂ.પૈસા) |
|---|---|---|---|
| એએવાય (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫-૦૦૦ | વિનામુલ્યે |
| | ચોખા(ફોર્ટીફાઈડ) | કાર્ડદીઠ ૨૦-૦૦૦ | વિનામુલ્યે |
| | કુલ | **કાર્ડદીઠ ૩૫-૦૦૦** | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૦૨-૦૦૦ | વિનામુલ્યે |
| | ચોખા(ફોર્ટીફાઈડ) | વ્યક્તિદીઠ ૦૩-૦૦૦ | વિનામુલ્યે |
| | કુલ | **વ્યક્તિદીઠ ૫-૦૦૦** | |

ભારત સરકારશ્રીના સંદર્ભિત પત્ર-(૨)થી જાહેર વિતરણ વ્યવસ્થા યોજનામાં "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા-૨૦૧૩" હેઠળ અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો એમ બે પ્રકારના કુટુંબોને માહે જાન્યુઆરી-૨૦૨૪ થી પાંચ વર્ષ સુધી વિનામુલ્યે અનાજ વિતરણ કરવા ઠરાવેલ છે. હાલ, સંદર્ભિત પત્ર-(૧) થી **એપ્રિલ-૨૦૨૪** માસ માટે NFSA હેઠળના કુટુંબો/લાભાર્થીઓ ધ્યાને લઈ અનાજ [ઘઉં તથા ચોખા (ફોર્ટીફાઈડ)]ની માસિક ફાળવણી કરવામાં આવેલ છે.

જે વાજબી ભાવની દુકાનમાં બાજરીનો જથ્થો હાજર સ્ટોકમાં રહેલ હોય અને NFSA યોજનામાં રેશનકાર્ડધારકોને વિતરણ કરી શકાય તે માટે બાજરીનો સ્ટોક જયાં સુધી ઉપલબ્ધ હોય ત્યાં સુધી નીચે મુજબની વિગતે સીસ્ટમમાં જરુરી સુધારો કરવામાં આવેલ છે.

| <u>પી.એચ.એચ. (PHH)</u> | <u>અંત્યોદય (AAY)</u> |
|---|---|
| ૨ કિ.ગ્રા. ઘઉં | ૧૫ કિ.ગ્રા. ઘઉં |
| ૨ કિ.ગ્રા. ચોખા | ૧૫ કિ.ગ્રા. ચોખા |
| ૧ કિ.ગ્રા. બાજરી (વહેલા તે પહેલાના ધોરણે અથવા ૧ કિ.ગ્રા. ચોખા) | ૫ કિ.ગ્રા. બાજરી (વહેલા તે પહેલાના ધોરણે અથવા ૫ કિ.ગ્રા. ચોખા) |

ભારત સરકાર દ્વારા વિનામૂલ્યે આપવામાં આવતા અનાજની જાગરૂકતા માટે તેમજ એકરૂપતા અને પારદર્શતા લાવવા માટે લોગો ડીઝાઈન કરવામાં આવેલ છે. જેથી PMGKAY ની ઓળખ સ્પષ્ટ થાય, તે મુજબ NFSA હેઠળ નોંધાયેલ કાર્ડધારકોને વિતરણ માટે બાયોમેટ્રિક પ્રમાણીકરણ કરી વિનામુલ્યે પ્રિન્ટ રસીદ

આપવાની રહેશે. જે મુજબની જાણ આપના કાર્યક્ષેત્ર હેઠળના વાજબી ભાવની દુકાન સંચાલકો તથા મોનીટરીંગ કરવા માટે તમામ મામલતદારશ્રી/ઝોનલ અધિકારીશ્રીઓને સૂચના આપવા વિનંતી છે.

તદઉપરાંત, રાજ્યમાં IM-PDS યોજના અંતર્ગત માહે **એપ્રિલ-૨૦૨૪થી** "વન નેશન વન રેશનકાર્ડ" યોજના હેઠળ નેશનલ લેવલ પોર્ટેબીલીટીથી સમગ્ર દેશના તમામ રાજયો/કેન્દ્રશાસિત પ્રદેશ જોડાયેલ હોય, ગુજરાત રાજ્યમાં "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩" અંતર્ગતના અન્ય રાજ્યના રેશનકાર્ડધારકો આધાર બેઇઝડ બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન બાદ ગુજરાત રાજ્યના પ્રવર્તમાન કેટેગરી મુજબના વિતરણ-પ્રમાણથી વિનામુલ્યે તેઓને મળવાપાત્ર અનાજનો જથ્થો ગુજરાત રાજયની કોઈપણ વાજબી ભાવની દુકાન પરથી મેળવી શકે છે. તે અંગે પણ સંબંધિતોને જરૂરી સૂચના આપવા અને લાભાર્થીઓને જાણકારી રહે તે માટેની કાર્યવાહી કરવા વિનંતી છે.

"રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા-૨૦૧૩" યોજના અંતર્ગત વાજબી ભાવના દુકાનદારોએ અનાજ(ઘઉં-ચોખા) માટેના વિનામૂલ્યના ચલણની રકમ ભરવાની રહેશે નહી. માહે **એપ્રિલ-૨૦૨૪** માસ માટે આપના કાર્યક્ષેત્ર હેઠળના નાગરિક પુરવઠા નિગમના તમામ ગોડાઉન મેનેજર દ્વારા NFSA માટેના અનાજ [ઘઉં તથા ચોખા (ફોર્ટીફાઈડ)]ની તેઓના લોગીન આઇ.ડી દ્વારા ડીલીવરી ચલણ કાઢી, આપના જીલ્લાની તમામ વાજબી ભાવની દુકાનોમાં ડોરસ્ટેપ ડીલીવરી કોન્ટ્રાકટર દ્વારા NFSAનો **એપ્રિલ-૨૦૨૪** માસનો અનાજ [ઘઉં તથા ચોખા (ફોર્ટીફાઈડ)]નો મળવાપાત્ર જથ્થો સમય મર્યાદામાં પહોંચી શકે તે માટે દૈનિક ધોરણે સતત મોનીટરીંગ કરવા માટે તમામ મામલતદારશ્રી/ઝોનલ અધિકારીશ્રીઓને સૂચના આપવા વિનંતી છે.

વધુમાં, વાજબી ભાવના દુકાનદારોને ચુકવવામાં આવતી કમિશનની રકમ બેંક ખાતામાં જમા કરાવવાની હોય છે. આથી, તમામ વાજબી ભાવના દુકાનદારોના e-Profile ની કામગીરી સત્વરે પૂર્ણ કરવા વિનંતી છે.

"રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા-૨૦૧૩" યોજના અંતર્ગત લાભાર્થીઓને વિનામુલ્યે વિતરણ કરવામાં આવેલ જથ્થાની રસીદના આધારે ભારત સરકાર દ્વારા સબસીડી ચૂકવવામાં આવતી હોવાથી વાજબી ભાવના દુકાનદાર દ્વારા વિનામુલ્યે વિતરણની રસીદ અચૂકપણે આપવામાં આવે તે બાબતે સતત મોનીટરીંગ કરવા માટે તમામ મામલતદારશ્રી/ઝોનલ અધિકારીશ્રીઓને સૂચના આપવા વિનંતી છે.

ભારત સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા N.F.S.A. લાભાર્થીઓ પણ તેમના બીલનું ચુકવણું વ્યાજબી ભાવના દુકાનદારોને Digital પધ્ધતિથી (QR code/UPI/Mobile Banking) કરે તે માટે સ્થાનિક ICICI BANK ના મેનેજર સાથે બેઠક કરીને Banking Correspondence ની મદદ લઈ ચાલુ વિતરણ દરમ્યાન

લાભાર્થીઓને જરૂરી પ્રોત્સાહન/માર્ગદર્શન આપવામાં આવે તે મુજબની કામગીરી કરવા સુચના આપવામાં આવે છે.

**NFSA -2013 હેઠળ માહે એપ્રિલ-૨૦૨૪ નું વિનામૂલ્યે વિતરણ વિભાગની સ્થાયી સુચનાનુસાર તા.૦૧/૦૪/૨૦૨૪ થી શરૂ કરવાનું રહેશે.**

બિડાણ: એનેક્ષર-A અને એનેક્ષર-B

નિયામક,
અન્ન અને નાગરિક પુરવઠા, ગાંધીનગર.

નકલ સાદર રવાના:-

(૧) રહસ્ય સચિવશ્રી, માન. અગ્રસચિવશ્રી, અન્ન, ના.પુ અને ગ્રા.બા.કાર્યાલય, ગાંધીનગર.

(૨) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત નાગરિક પુરવઠા નિગમ લી., ગાંધીનગર તરફ જાણ તથા લાભાર્થી દ્વારા Digital પધ્ધતિથી ચુકવણૂં કરવામાં આવે તે માટે સંબંધિત બેન્ક દ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરે તે માટેનું મોનીટરીંગ કરવા વિનંતી છે.

(૩) નાયબ સચિવશ્રી,'ક' શાખા, અન્ન, ના.પુ અને ગ્રા. બા. વિભાગ, ગાંધીનગર.

(૪) નાયબ નિયામકશ્રી, તમામ શાખા, નિયામક અ,ના.પુ. કચેરી, ગાંધીનગર.

(૫) સીનીયર ટેકનીકલ ઓફિસરશ્રી, નેશનલ ઈન્ફોર્મેટીકસ સેન્ટર, બ્લોક નં-૧૩/૨ જો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

(૬) પ્રમુખશ્રી, ગુજરાત ફેરપ્રાઈઝ શોપ્સ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર એસોસીએસન, ૧૫ દેવપ્રિયા બંગલો વિંગ નં ૧, ૧૦૦ ફૂટ રોડ, સેટેલાઈટ, અમદાવાદ.

(૭) પ્રમુખશ્રી, ગુજરાત ફેરપ્રાઈઝ શોપ્સ એસોસીએસન, દુકાન નં ૨૮, સરીતા શોપીંગ સેન્ટર, ગઢેચી વડલા, ભાવનગર પરા.

## Annexure-A

**For the Month of APRIL-2024 Allotment for All District Distribution of Wheat & Fortified Rice Under NFSA-2013 - AAY Scheme**

Fig.in M.T.

| Sr No | Districts | Online No. of AAY Card as on 20-03-2024 (Under NFSA-1) | Wheat | Fortified Rice |
|---|---|---|---|---|
| | | | 15 kg/Card free of cost | 20 kg/Card free of cost |
| a | b | c | d | e |
| 1 | A'bad | 24,489 | 385 | 471 |
| 2 | A'bad City | 21,188 | 333 | 407 |
| 3 | Amreli | 22,205 | 349 | 427 |
| 4 | Anand | 27,670 | 435 | 532 |
| 5 | Arvalli | 22,114 | 348 | 425 |
| 6 | Banaskantha | 65,256 | 1026 | 1254 |
| 7 | Bharuch | 19,374 | 305 | 372 |
| 8 | Bhavnagar | 23,487 | 369 | 451 |
| 9 | Botad | 6,937 | 109 | 133 |
| 10 | Chotta Udepur | 16,765 | 264 | 322 |
| 11 | Dahod | 70,721 | 1112 | 1359 |
| 12 | Dang | 4,815 | 76 | **92.94** |
| 13 | Devbhumi Dwarika | 5,426 | 85 | 104 |
| 14 | Gandhinagar | 10,610 | 167 | 204 |
| 15 | Geer Somnath | 12,369 | 195 | 238 |
| 16 | Jamanagar | 11,652 | 183 | 224 |
| 17 | Junagadh | 15,379 | 242 | 296 |
| 18 | Kheda | 31,824 | **501** | 612 |
| 19 | Kutchh | 22,220 | **349.04** | 427 |
| 20 | Mahesana | 12,157 | 191 | 234 |
| 21 | Mahisagar | 17,547 | 276 | 337 |
| 22 | Morbi | 6,189 | 97 | 119 |
| 23 | Narmada | 25,756 | 405 | 495 |
| 24 | Navsari | 46,491 | 731 | 894 |
| 25 | Panchamahal | 28,217 | 444 | 542 |
| 26 | Patan | 20,429 | 321 | 393 |
| 27 | Porbandar | 7,641 | 120 | 147 |
| 28 | Rajkot | 19,660 | 309 | 378 |
| 29 | Sabarkantha | 25,757 | 405 | 495 |
| 30 | Surat | 30,189 | 475 | 580 |
| 31 | Surendranagar | 18,198 | 286 | 350 |
| 32 | Tapi | 30,711 | 483 | 590 |
| 33 | Vadodara | 26,576 | 418 | 511 |
| 34 | Valsad | 23,981 | 377 | 461 |
| | **Total** | **774,000** | **12172.04** | **14876.94** |

Director,
Food & Civil Supplies, Gandhinagar.

**Remarks:- As per Letter No. PDS/Anaj-Allotment/January-24 to December-24/306/2023, Dt.18-03-2024**

| Comodities | Wheat | Fortified Rice |
|---|---|---|
| **Allotment** | **12172.04** | **14876.94** |

## Annexure-B

**For the Month of APRIL-2024 Allotment for All District Distribution of Wheat & Fortified Rice under NFSA-2013 -PHH Scheme**

Fig.in M.T.

| Sr No | Districts | Online Priority Household population as on 20-03-2024 (under NFSA-13) | Wheat | Fortified Rice |
|---|---|---|---|---|
| | | | 2.00 kg/Per Person free of cost | 3.00 kg/Per Person free of cost |
| a | b | c | e | d |
| 1 | A'bad | 806678 | 1778 | 2173 |
| 2 | A'bad City | 1651405 | 3640 | 4449 |
| 3 | Amreli | 800389 | 1764 | 2156 |
| 4 | Anand | 1305091 | 2877 | 3516 |
| 5 | Arvalli | 714291 | 1575 | **1925.19** |
| 6 | Banaskantha | 1913349 | 4218 | 5155 |
| 7 | Bharuch | 786927 | 1735 | 2120 |
| 8 | Bhavnagar | 1588874 | 3503 | 4281 |
| 9 | Botad | 505532 | 1114 | 1362 |
| 10 | Chotta Udepur | 747359 | **1648** | 2014 |
| 11 | Dahod | 1317780 | 2905 | 3550 |
| 12 | Dang | 219579 | 484 | 592 |
| 13 | Devbhumi Dwarika | 481616 | 1062 | 1298 |
| 14 | Gandhinagar | 799034 | 1761 | 2153 |
| 15 | Geer Somnath | 789987 | **1742** | 2128 |
| 16 | Jamanagar | 818403 | 1804 | 2205 |
| 17 | Junagadh | 897405 | 1978 | 2418 |
| 18 | Kheda | 1383758 | 3050 | 3728 |
| 19 | Kutchh | 1198622 | 2642 | 3229 |
| 20 | Mahesana | 1321962 | 2914 | 3562 |
| 21 | Mahisagar | 711827 | 1569 | 1918 |
| 22 | Morbi | 615799 | **1358** | 1659 |
| 23 | Narmada | 383285 | 845 | 1033 |
| 24 | Navsari | 685164 | 1510 | 1846 |
| 25 | Panchamahal | 1158804 | **2554.70** | 3122 |
| 26 | Patan | 1035871 | 2283 | 2791 |
| 27 | Porbandar | 311481 | 687 | 839 |
| 28 | Rajkot | 1147696 | 2530 | 3092 |
| 29 | Sabarkantha | 903239 | 1991 | 2434 |
| 30 | Surat | 1599599 | 3526 | 4310 |
| 31 | Surendranagar | 990378 | 2183 | 2668 |
| 32 | Tapi | 534682 | 1179 | 1441 |
| 33 | Vadodara | 1138384 | 2509 | 3067 |
| 34 | Valsad | 996663 | 2197 | 2685 |
| | **Total** | **32,260,913** | **71115.70** | **86919.19** |

Director,
Food & Civil Supplies, Gandhinagar.

**Remarks:- As per Letter No. PDS/Anaj-Allotment/January-24 to December-24/306/2023, Dt.18-03-2024**

| Comodities | Wheat | Fortified Rice |
|---|---|---|
| **Allotment** | **71115.70** | **86919.19** |